શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૧૨

અંક : ૧૨

## સ્વચ્છતા

આપણી પરંપરા રહી છે કે આપણું ઘર, આંગણું, શેરી અને ગામ હંમેશા સ્વચ્છ રહે પરંતુ ભાગ દોડવાળી જીવન શૈલીએ આ બાબતોમાં લોકોને ઉદાસિન બનાવ્યા, જેનાથી ગંદકી વધી આરોગ્ય અને પર્યાવરણ સામે જબરા પડકાર ઉભા થયા છે. વિવિધ પેટ્રોલિયમ પેદાશોના ઉપયોગથી કે જેનો નાશ થઈ શકે નહિ તેવો નકામો કચરો પેદા કરે છે. જેના નિકાલ માટે થતાં પ્રયત્નો અપુરતા રહયા છે. ઘર વપરાશના કચરામાં પ્લાસ્ટીક સિવાયનાં કચરાની વ્યવસ્થા થાય છે. પરંતુ શહેરી વિસ્તારમાં તેમજ અમુક ગ્રામ્ય વિસ્તારોમાં પણ તેની યોગ્ય વ્યવસ્થા ન હોવાને કારણે ખુબજ ગંદકી પેદા થાય છે. ઘર વપરાશનું પાણી / વધેલો ખોરાક / વાસણ કપડા પછીનું પાણી કે જે શેરીઓમાં કાઢવામાં આવે છે. જેનાથી આડોશ પાડોશના લોકો સાથે ઝગડા પણ થાય છે અને શેરીમાં પાણીનાં ખાબોચીયા ભરાવાથી મચ્છરનો ઉપદ્રવ વધે છે. જેનાથી પોતાનાં આરોગ્ય પર પણ ખતરો ઉભો કરે છેં. આવી પરિસ્થિતિમાં પણ લોકો સમજે છે કે વેસ્ટ મેનેજમેંટ એ ગ્રામ પંચાયત / સુધરાઈ / મહાપાલીકાની જવાબદારી છે આ માટે પોતાની કોઈ જવાબદારી બનતી નથી. સ્થાનિક સ્વરાજની રચના આ તમામ સુવિધાઓ પ્રજાને મળે તે માટે કરવામાં આવી છે. પરંતુ તે બાબતો મહદઅંશે પરિપુર્ણ થઈ શકી નહી તે આપણે જાણીએ છીએ. તેના માટે અલગથી પ્રયાસો હાથ ધરી શકાય કે જેથી તે સુવિધાઓ પુર્ણ કરવામાં કામયાબ બને પરંતુ ત્યાં સુધી સ્થાનિક રહેવાસીઓ હાથ જોડીને બેસી રહે તો આ પ્રશ્નનો કોઈ ઉકેલ નથી. શૌચાલય વિહોણા કુંટુંબોને મળી તેઓને શૌચાલય બનાવવા સમજાવવા તથા તેઓને આર્થિક મુશ્કેલીઓ હોય તો નાણાકીય સહાય આપવાની બાબતો પણ કરવામાં આવે છેં. તેમ છતા લોકોની પ્રતિબધ્ધતા આ બાબતની જોવા ન મળે ત્યારે સરકારી તંત્ર કે સ્વૈચ્છિક રીતે કાર્ય કરતા યુવાનો પણ હતાશ થાય છે. તેમને પ્રશ્ન થાય છે કે જે લોકો માટે તેમની સુવિધા ઉભી કરવા માટે આટલા પ્રયત્ન કરી રહયા છીએ ત્યારે તે લોકો પોતે સહયોગ આપવા તૈયાર નથી.

**અભિમાનથી માણસ ફુલાઈ શકે છે ફેલાઈ શકતો નથી.**

રાજય સરકારશ્રીનાં ગ્રામ વિકાસ વિભાગ દ્વારા સ્ટેટ કેપેસીટી ડેવલપમેન્ટ અને કોમ્યુનીકેશન યુનિટ–ટોટલ સેનીટેશન કેમ્પેઈન પ્રોજેકટ દ્વારા વેસ્ટ મેનેજમેન્ટને લઈ એક કાર્યશાળા તા. ૨/૧૨/૧૦ નાં રોજ સ્પીપા અમદાવાદ ખાતે યોજાઈ હતી જેમાં ઘન અને પ્રવાહી કચરાનાં નિકાલ અંગેની બાબતોનાં સરકારી/બિન સરકારી સંગઠનો/ વિભાગોનાં થયેલા પ્રયોગો અને સુજાવો પર ચર્ચા થઈ. ઘણી સંસ્થાઓએ અમુક ગામોમાં આ પ્રકારની કામગીરી સ્વૈચ્છાએ હાથ ધરવા તૈયારી બતાવી છે. શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રમાંથી આ કાર્યશાળામાં શ્રી વિપુલ શેલડીયા સહભાગી થયા હતાં.



આ સંસ્થાની જુનાગઢમાં ચાલતી આ પ્રકારની કામગીરી સાથે સંકળાયેલા કાર્યકરો સાથે પણ તા.૧૭/૧૨/૧૦ રોજ પ્રાચી મુકામે બેઠક કરવામાં આવી જેમાં છેલ્લા નવ માસનાં થયેલા પ્રયાસોની સમિક્ષા થઈ. આ કામગીરી કરવામાં ૯૦ ટકા સફળતા મળી છે પરંતુ ૧૦ ટકામાં લોકો સહકાર આપતા ન હોવાનું જણાયું હતું.પરંતુ આ કામગીરી પુર્ણ કરાવવા લોકોને સમજાવવાનું કઠિન કાર્ય કાર્યકરોએ એક પડકાર સમજીને કરવાનું થાય. તે બાબતે જરૂરી કુશળતા બનાવવા સૌ સંમત થયા હતા. પરંતુ રેકર્ડ આધારીત બાબતો અને વાસ્તવિકતા અલગ હોય ત્યારે આ પ્રકારનાં કાર્યોમાં લોકોમાં વિશ્વાસનું વાતાવરણ બનાવવું જરૂરી હોય તેમ સૌને લાગ્યું હતું.

***હજારો માઈલની મુસાફરીનો આરંભ એક પગલાંથી થાય છે.***



**Date of birth :**
12 January 1863
**Place of birth :**
Calcutta, Bengal Presidency, British India.
**Birth name:**
Narendranath Vishwanath Dutta.
**Date of death :**
4 July 1902 (aged 39)
**Place of death:**
Belur Math near Kolkata
**Guru/teacher:**
Ramakrishna Paramahamsa
**Quotation:**
Come up, O lions, and shake off the delusion that you are sheep; you are souls immortal, spirits free, blest and eternal; ye are not matter, ye are not bodies; matter is your servant, not you the servant of matter.

**Teachings and philosophy :**
Swami Vivekananda believed that the essence of Hinduism was best expressed in the Vedanta philosophy, based on the interpretation of Adi Shankara.

**He summarised the Vedanta's teachings as follows,**

* Each soul is potentially divine.
* The goal is to manifest this Divinity within by controlling nature, external and internal.
* Do this either by work, or worship, or psychic control, or philosophy—by one, or more, or all of these—and be free.
* This is the whole of religion. Doctrines, or dogmas, or rituals, or books, or temples, or forms, are but secondary details.
* So long as even a single dog in my country is without food my whole religion is to feed it and serve it, anything excluding that is unreligious.
* Arise, awake and stop not till the goal is reached.
* Education is the manifestation of perfection already in man.
* Religion is the manifestation of divinity already in man.
* Serving man is serving God.

મૌન વાર્તાલાપની મહાન કલા છે.

## માનવ અધીકારનો ઈતિહાસ

૧) પર્શીયન એમ્પાયર : ૨૦૦૦ વર્ષ પૂર્વે બેબીલોનના સાયરસ રાજાએ યુધ્ધો કરી ખુબ માનવ સંહાર સર્જ્યો. તેને વિશ્વ સતા મેળવવી હતી. પરંતુ સૈનિકો થાકયા બાદ તેને સમજાયું કે આ બધું હું ખોટું કરું છુ. જેથી તેમણે ઘોષણા કરી કે ધર્મ સ્વતંત્રતા અને ગુલામીનો અંત

૨) ચંદ્રગૃપ્ત મોર્ય : સમ્રાટ અશોકને યુધ્ધોના વિનાશ પછી હૃદય પરીવર્તન થયું. દરેક માટે કલ્યાણકારી યોજનાઓ અમલમાં મુકી જેમાં દવાખાના, શાળા, પાણી અને રસ્તા વિગેરે.

૩) ઈસ્લામીક ખલીફાત : (માત્ર મુસ્લીમ સમાજ માટે) – મહમદ પયંગબર (૧) સ્ત્રીઓના અધિકાર (૨) ગુલામોને અધિકાર (૩) સમાનતાનો અધિકાર

### અર્વાચીન યુગ

૧૨૧૫ – મેગ્નાકાટા જે લેખીતમાં છે અને ખુબ મહત્વનો છે.

૧૬૨૮– ઈગ્લેડના કીંગ ચાર્લ્સ–૧ દ્વારા અપાયેલ અધિકારોની યાચીકા.

૧૭૮૭ – અમેરીકાનું બંધારણ, અધિકારોનો ખરડો.

૧૭૮૭ – ફ્રેન્ચ ક્રાંતિ, સ્વતંત્રતા સમાનતાને લઈ લોકો રસ્તા પર આવ્યા.

૧૭૮૯ – નાગરીક તરીકેના અધિકારની વાત

૧૮૬૪ – ઘવાયેલા સૈનિકોના અધિકારો માટે જીનીવા કન્વેન્શન.

## ભારતનાં માનવ અધિકારનો ઈતિહાસ

૧૯૨૯ – સતિ પ્રથા પ્રતિબંધ(રાજા રામ મોહનરાય), બાળ વિવાહ પ્રતિબંધ, વિધવા પુનઃ લગ્ન.

૧૯૪૭ – ધ કન્વેશીયન ઓફ ઈન્ડિયા એસ્ટાબીલીશ સોવેરીઝન.

૧૯૫૦ – ભારતીય ડેમોક્રેડીક ઓફ રીપબ્લીક ઓફ ઈન્ડિયા (મત આપવાનો અધિકાર).

૧૯૫૫ – હિન્દુ લગ્નધારો.

૧૯૭૩ – મુળભુત અધિકારમાં બદલાવ લાવી શકાય નહી તેવો ચુકાદો.

૧૯૭૫–૭૭ ઈમરજન્સી.

૧૯૮૪ – શીખ રમખાણો (ઈન્દિરા ગાંધીની હત્યા).

૧૯૮૬ – શાહબાનું કેસ ચુકાદો (મુસ્લીમ સ્ત્રીને તલાક પછી ભરણપોષણ આપવું).

૧૯૮૬ – મુસ્લીમોને ખુશ કરવા છુટાછેડા બાદ ભરણપોષણ નહી તેવો કાયદો.

૧૯૮૯ – અસ્પૃશ્યતા નિવારણ ધારો

૧૯૯૨ – પંચાયત ધારો ૩૩% મહિલા અનામત.

૧૯૯૩ – રાષ્ટ્રિય માનવ અધિકાર કાયદો

૨૦૦૫ – ઘરેલુ હિંસા અધિનિયમ, વિકલાંગતા ધારો નરેગા અને RTI

૨૦૦૯ – પુખ્ત વયના લોકો પોતાની મરજીથી બાંધેલા સંબંધો પર ૩૭૭ ન લાગે તેવો ચુકાદો અને RTE

**એકની મુર્ખાઈ બીજાનું નસીબ બને છે.**

## માનવ અધિકાર દિન

બીજા વિશ્વયુધ્ધની લડાઈ શરૂ હતી જાપાન હારવાની તૈયારીમાં હતું માંડ બે ત્રણ દિવસ ટકી શકે તેવુ હતું છતાં અમેરીકાએ નાગાસાકી અને હિરોશીમા પર અણુંબોમ્બ ફેંકયા ખુબ જાનહાની તબાહી થઈ. ભોગ બનેલા નિર્દોષ માનવો માટે બધા દેશોના લોકો વિચારતા થયા અને ૧૯૪૬ માં યુનોની સ્થાપના થઈ અને યુનાટેડ ડેકરેશન ઓફ હયુમન રાઈટસ (UDHR) ઘોષણા પત્ર બનાવ્યું. ૧૦ ડીસેમ્બર ૧૯૪૮ (UDHR)નાં ૩૦ અધિકારો આપ્યા છે. માટે ૧૦ ડીસેમ્બરને આંતરરાષ્ટ્રિય માનવ અધિકાર દિન તરીકે ઉજવાય છે. યુનોની ઓફીસ ન્યુયોર્ક અને સ્વીટઝરલેન્ડમાં છે.

૧૯૬૬માં બે આંતરાષ્ટ્રિય સંધી થઈ (૧)ICCPR(ઈન્ટર નેશનલ કોમનવેલ્ટ ઓફ સીવીલ એન્ડ પોલીટીકલ રાઈટસ) નાગરીક અને રાજકીય અધિકાર ભંગ થતા અટકાવવા (૨)આર્થિક અને સામાજીક –સાંસ્કૃતિક વચન પત્ર–ઉપરના બંનેને ભેગા કરીએ તો આંતરરાષ્ટ્રિય માનવ અધિકારોનું ખતપત્ર જેને ૧૯૭૬ માં કાનુની હેસીયત પ્રાપ્ત કરી જેના અંતર્ગત(CDAW)કન્વેશીયન ઓન એલીમેનીશન ડેકલેરેશન ઓફ વીમેન જેનો હેતુ તમામ પ્રકારનાં સ્ત્રીઓના ભેદભાવને આંતરરાષ્ટ્રિય સ્તરે દુર કરવાનો છે.

## સ્ત્રી હિંસા વિરોધી અભીયાન ૨૪ નવેમ્બર થી ૧૦ ડીસેમ્બર

સ્ત્રીઓ પર થતી હિંસા અટકાવવા તથા લોકોમાં જાગૃતિ લાવવા સંસ્થા દ્વારા જુદા જુદા પ્રયત્નો થઈ રહયા છે. જેમાં ફળીયા મીટીંગો, ગ્રામ સભા, રેલી, નાટકો, તાલીમો અને અભીયાન દ્વારા દર વર્ષે અધિકારના મુદે કાર્યરત સંસ્થાઓ ૨૪ નવેમ્બર થી ૧૦ ડીસેમ્બર દરમ્યાન સ્ત્રી હિંસા વિરોધી અભીયાન પખવાડીયું ઉંજવે છે. આ વર્ષ સંસ્થા દ્વારા પાંચ ગામો– ખડાધાર, બોરાળા, હનુમાનપુર, દલડી, તાલડા અને ચક્રાવામાં ઝુંબેશ અભીયાન યોજાયેલ. આ અભીયાન દરમ્યાન ઘરે ઘરે જઈ પત્રીકા વિતરણ, પોસ્ટર લગાવવા, ગામમાં રેલી, સુત્રોચ્ચાર, ગ્રામ આગેવાનો તથા બહેનો સાથે મીટીંગો યોજી જાગૃતિ લાવવાનું કાર્ય થયું. જેમાં એક વાહનમાં જાગૃતિ રથ બનાવી માઈક લગાવી આખા ગામમાં જાગૃતિ ગીતો વગાડી ફેરવવામાં આવ્યો. જેનાથી આખા ગામમાં લોકો આ જાગૃતિ રથ જોવા નીકળ્યા અને તેને પત્રિકા તથા ઝુંબેશ વિશે માહિતી આપી. આ ઝુંબેશમાં સંસ્થાના એગ્રીકલ્ચરીસ્ટ શ્રી વિપુલભાઈ શેલડીયા તથા આ કાર્ય સાથે સંકળાયેલા વિજયાબેન કુકવાવ, અશોકભાઈ શેલાર તથા ન્યાય સમિતીના બહેનો,પેરાલીગલ વર્કર અને યુવા ગૃપના પ્રતિનિધિઓ જોડાયા હતા.

## બેઈઝ લાઈન સર્વે ફાઈન્ડીગ્સ વર્કશોપ

તા. ૨૪–૨૫ નવેમ્બર ના રોજ ઓકસફામ દ્વારા IPAP પ્રોજેકટ અંતર્ગત બેઈજ લાઈન સર્વે ના ફાઈન્ડીગ્સ માટે બે દિવસીય વર્કશોપ હૈદરાબાદ ખાતે યોજાઈ ગયો. જેમાં ગુજરાત, આંધ્રપ્રદેશ, ઉતરપ્રદેશ, ઉતરાખંડ અને ઓરીસ્સા પાંચ રાજયોના ૪૫ પ્રતિનિધી ઓએ ભાગ લીધો હતો. શરૂઆત પરીચયથી થઈ બાદ બેઈજ લાઈન સર્વે ના તારણો શ્રીધર દ્વારા આપવામાં આવ્યા. જેમાં પાંચ રાજયોંના તારણોની નીચે મુજબ ચર્ચા થઈ.

(૧) હજી ગ્રામ્ય લેવલે જાગૃતિનું કાર્ય કરવું જરૂરી છે. કારણ બેઈજ લાઈનના પ્રશ્ન મુજબ પતિનું પત્નિ ને મારવું યોગ્ય છે. જેમાં ૨૮ % પતિ એવુ માને છે કે માંરવુ યોગ્ય છે અને પત્નિઓ પણ મારવું યોગ્ય માને છે

(૨) નેટવર્કીગ દ્વારા કાર્ય કરવું.

(૩) સીવીલ સોસાયટી નેટવર્ક મજબુત બનાવવુ.

(૪) પોલીસ, સમાજ સુરક્ષા, અધિકારીઓને બહેનોને મળતી અન્ય સેવાઓની જાણકારી ખુબ ઓછી છે.

(૫) ગ્રામ્ય આગેવાન બહેનોને પણ હજી તેમને મળતી સુવિધાઓ તથા અન્ય સેવાઓની ખબર નથી જે માટે કાર્ય કરવુ જરૂરી છે.

(૬) યુવા ગૃપ સાથે કાર્ય કરવું જરૂરી છે.

(૭) વિકટીમ બહેનોને પણ સરકારી સેવાઓથી સંતોષ નથી.

ઉપરનાં મુદા પર ચર્ચા થઈ જેમાં દરેક સહભાગીએ જણાવ્યું કે આ પાંચ રાજયોના તારણો છે જેમાં દરેક રાજયોમાં સ્થિતિ અલગ હોય શકે. માટે રાજયવાર ડેટા એનાલીસીસ આપવું જોઈએ. તો રાજય નું આયોજન થઈ શકે. જેમાં શ્રીધરે જણાવ્યું કે આપણે રાજયવાર આપીએ તો ડેટા સેમ્પલ નાના થઈ જાય જેથી તારણો નીકળે નહી.

મુસ્લીમ મહિલા અને દલીત મહિલાઓ પર થતી હિંસા પર રજુઆત થઈ.

બીજા દિવસે રાજય વાર આયોજન કરવામાં આવ્યું જેમાં ગુજરાતમાં ગ્રામ્ય લેવલ જાગૃતિ માટે ન્યાય સમિતિ, પેરાલીગલ, યુવાગૃપ, નેટવર્કીગ, એડવોકસી પર કાર્ય કરવું તેવું આયોજન કરી તેનું પ્રજન્ટેશન કરી તેના પર ચર્ચા કરવામાં આવી.

IPAP રીપોર્ટીગ ફોરમેટ નું પ્રેજન્ટેશન થયું અને તેનાં પર ચર્ચા થઈ. આ ફોરમેટ માટે દરેક રાજય વાર મીટીગો કરી ફોરમેટ ફાઈનલ કરવું તેવું નકકી થયુ.

IPAP મેનેજર અદ્વેતાએ દરેકનો આભાર માની કાર્યશાળા પુર્ણ જાહેર કરી હતી.

આ કાર્યશાળામાં સંસ્થાના પ્રતિનિધિ તરીકે શ્રી અશોક શેલાર ઉપસ્થિત રહયા હતા.

**તમારા પુર્વજોની જાહેરાત તમારા કામ દ્વારા કરો.**

## સ્ત્રી અને પુરૂષના સામાજીક ભેદભાવને દુર કરવાં માટે લોકોમાં જાગૃતિ ફેલાવવા ખાંભા તાલુકામાં યોજાયેલ ઝુંબેશ તા. ૧ થી ૧૦ ડીસેમ્બર ૨૦૧૦



A Beautiful Year is waiting for you,walk with aims, run with confidence, fly with your achivements. May you have a lovely year ahead. Happy New Year to all Tapak readers.

**<u>પ્રિય વાચક મિત્રો,</u>**

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફટ થી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનાં નામે મોકલવા વિનંતી છે.

આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો તેથી અન્ય લોકો તે વિશે માહીતગાર બનશે.

**– ટપક ટીમ**

**<u>આ માસમાં સંસ્થાના શુભેચ્છકશ્રીઓ</u>**

| | |
|---|---|
| ૧૦૦૦૦ | ગીવ ઈન્ડીયા, મુંબઈ |
| ૮૪૦ | સુરજીતકુમાર |
| ૮૪૦ | હરિ પતિ |
| ૮૪૦ | અનીન્દયા હલ્દેર |
| ૮૪૦ | થશસ્વી ગાવંકર |
| ૮૪૦ | પ્રવેશ નિગમ |
| ૮૪૦ | કુણાલ રાન્દેરીયા |
| ૮૭૨ | ગીરીશ નાયક |
| ૧૨૫૯ | મનુ ભટનાગર |

***શિક્ષક એટલે શિસ્ત, ક્ષમા અને કલા-કર્તવ્યનો સમન્વય.***

## લોક સંગઠન તાલીમ

જંગલનો નાશ થતો અટકાવવાની સાથે સ્થાનીક લોકોને પુરક આવક મળી રહે તે હેતુથી વન વિભાગ દ્વારા ધરમપુર વિસ્તારમાં તાલીમ યોજાઈ જેમાં હરિરાજની આરઓ ટીમ જોડાઈ હતી. આ તાલીમમાં હાલમાં ચાલી રહેલા વાનીકી વિકાસ પરીયોજના સંદર્ભે જંગલનાં વિકાસની સાથે સાથે જે લોકો જંગલ પર નભે છે તેઓને બીજી પુરક આવક મળે તો જંગલનાં રક્ષણ માટે કટિબધ્ધ બને તે હેતુ હતો. સ્વ સહાય જુથના સભ્યો તથા આ પરીયોજનાં અમલીકરણ માટે રચાયેલા ગ્રામ સંગઠનોના પ્રતિનિધિઓ પણ આ તાલીમમાં જોડાયા હતાં. જેમાં બીજનેશ ડેવલપમેન્ટ પ્લાન, નાણાકીય આયોજન, બજારનો સર્વે, જાહેરાતની પ્રક્રિયા, અમલીકરણ અંગે વિસ્તૃત સમજ બની.

**માસ દરમ્યાન થયેલ કામગીરી**

| | |
|---|---|
| ૧–૧૦ | Campaign (vaw), Khambha. |
| ૨ | વેસ્ટ મેનેજમેન્ટ કાર્યશાળા, અમદાવાદ |
| ૪ | ટીએસસી રીવ્યુ, જુનાગઢ |
| ૬ | વર્ષા વિમાં બેઠક, અમદાવાદ |
| ૭ | મિશન મંગલમની બેઠક, ગાંધીનગર |
| ૧૩ | દિકરી વધાવો, અમરેલી |
| ૧૩–૧૪ | સજીવ કપાસ કાર્યશાળા, માંડવી |
| ૧૫ | ન્યાય સમીતી બેઠક, ખાંભા |
| ૧૭ | ટીએસસી ટીમ સમીક્ષા, પ્રાચી |
| ૧૮ | પ્રવાહ રીજનલ મીટીંગ, સણોસરા |
| ૨૦ | યુવા સંમેલન, સુરેન્દ્રનગર |
| ૨૧ | SKVAW Directors meeting |

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. L2/41/G-AMI-91/2008**
**Valid Upto 31/12/2011**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SskK
ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**આળસ ખુબ જ ધીમું ચાલે છે એટલે ગરીબાઈ તેને તરત આંબી લે છે.**